પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૭ | ૨૮ મે, ૨૦૧૯, મંગળવાર; વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જાતિવાદી રાજનીતિને જાકારો અપાયો છે : મોદી

**આ ચૂંટણીમાં અંક ગણિતને કેમેસ્ટ્રીએ પરાજિત કરી દીધી : મોદી : પ્રચંડ જીત બાદ મોદીએ કાશીમાં બાબા વિશ્વનાથના પર અભિષેક અને પૂજા કરી : કાર્યકર્તાઓના આદેશનું પાલન કરું છું : 'હું કાશી માટે પીએમ નહીં, કાર્યકર્તા છું : વારાણસીથી ઉમેદવારી ભલે એક મોદીએ નોંધાવી હોય પરંતુ ચૂંટણી તો દરેક ઘરના મોદીએ લડી છે**

વારાણસી, તા. ૨૭

લોકસભાની ચૂંટણીમાં મળેલી પ્રચંડ જીત બાદ આજે પ્રથમ વખત પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યકરો અને ઉપસ્થિત લોકોને સંબોધન કરતા કહ્યું હતું કે, ભાજપની જીત ગણિત અને અન્ય તમામ પ્રકારની ગણતરીથી અલગ પ્રકારની જીત છે. ભાજપની જીત ગણિતથી અલગ પ્રકારની કેમેસ્ટ્રી છે. કાર્યકર્તાઓને આ સંદર્ભમાં મોદીએ જીતની કેમેસ્ટ્રી અંગે વાત કરી હતી. સાથે સાથે વિપક્ષને પણ સલાહ આપી હતી. વિપક્ષી પાર્ટીઓની ઝાટકણી કાઢી હતી. મોદીએ જીત માટેની ક્રેડિટ દેશની જનતા અને કાર્યકરોને આપતા જાતિવાદી રાજનીતિ કરવા માટે વિપક્ષની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, આ ચૂંટણી અંકગણિતની નહીં બલ્કે કેમેસ્ટ્રીની હતી. મોદીએ વિપક્ષી દળો ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, દેશની રાજનીતિમાં અમને અસ્પૃશ્ય સમજવામાં આવતા હતા પરંતુ વાસ્તવિકતા એ છે કે, અમારી પાર્ટીની મતહિસ્સેદારી સમગ્ર દેશમાં વધી છે. મોદીએ કહ્યું હતું કે, ચૂંટણી પરિણામ એક ગણિત હોય છે પરંતુ દેશના રાજકીય પંડિતોને માનવું પડશે કે, ગણિતની આગળ પણ એક કેમેસ્ટ્રી હોય છે. દેશમાં સમાજની શક્તિની કેમેસ્ટ્રી, આદર્શો અને સંકલ્પોની કેમેસ્ટ્રી કોઈપણ અંકગણિતને પરાજિત કરી શકે છે. તેમણે કહ્યું હતું કે, રાજકીય પંડિતોને વિચારવું પડશે કે પરસેપ્શન ક્રિએટ કરનાર પ્રયાસોને પણ પારદર્શીતા અને પરિશ્રમથી પરાજિત કરી શકાય છે. અમારા માટે પણ પારદર્શિતા અને પરિશ્રમમાં કોઈ વિકલ્પ નથી.

અમને લાગે છે કે, સરકાર અને સંગઠન વચ્ચે તાલમેલ હોય છે અને આની તાકાત હોય છે. ભાજપે સફળતાપૂર્વક આને સાકાર કરીને લોકોને હેરાન કરી દીધા છે. સરકાર નીતિ બનાવે છે. સંગઠન રણનીતિ બનાવે છે. નીતિ અને રણનીતિનો તાલમેલ સરકાર અને સંગઠનના તાલમેલના પ્રતિબિંબ તરીકે હોય છે. મોદીએ ચૂંટણીને યાદ કરતા કહ્યું હતું કે, જે પ્રેમ અને શક્તિ તેમને કાશીમાંથી મળી છે તે અન્યોનો મળી નથી. અહીંના લોકોએ ચૂંટણીને એક ઉજવણી તરીકે બનાવી દઈને અભૂતપૂર્વ સફળતા અપાવી છે. જાહેરરીતે તેઓ તમામ ઉમેદવારોનો આભાર માને છે. મોદીએ ઉમેર્યું હતું કે, પાર્ટી અને કાર્યકરોના આદેશને તેઓ હંમેશા પાળે છે. મોદીએ ઉમેર્યું હતું કે, રાજકીય પંડિતોની વિચારધારા ૨૧મી સદીવાળી રહેલી નથી.



## ભારત માતા કી જય બોલો અને પછી પાન ખાઈને...

બનારસી પાનને લઈને વડાપ્રધાને કહ્યું હતું કે, ભારત માતા કી જય બોલે અને ત્યાર બાદ બનારસી પાન ખાઈનેપઅરે આ કેવી ભારત માતા કી જય છે ભાઈ!!! આ વિચાર બદલવાની જરૂર છે. આપણે તે માતાને જ ગંધી કરીએ છીએ, જેનો જયજયકાર કરીએ છીએ? આ યોગ્ય નથી. આપણે ખરેખર વિચારધારા બદલવાની જરૂર છે. જે ભાવનાથી આપણે આઝાદીની લડાઈ લડી હતી, એ પ્રકારની જ ભાવનાની આજે પણ જરૂર છે. દેશને આગળ વધારવા માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવું પડશે. આપણી જવાબદારીને સમઝતા રાષ્ટ્રહિતમાં પોતાનું યોગદાન આપવું પડશે.

## ખતમ કરો રાજકીય છુઆછુત

તેમણે કહ્યું હતું કે, બીજુ સંકટ છે કે બાબા સાહેબ અને ગાંધીજી છુઆછુતને ખતમ કરવામાં પોતાની આખી જીંદગી હોમી નાખી, પરંતુ અમારી સાથે અત્યારે પણ રાજકીય છુઆછુત કરવામાં આવે છે. જે લોકો પોતાને એકતાના ઠેકેદાર ગણાવે છે, તેમણે આંધ્ર પ્રદેશનું વિભાજન કર્યું. ત્યાં આજે પણ શાંતિનું વાતાવરણ નથી બની શક્યું. આપણા ઉત્તર પ્રદેશમાંથી ઉત્તરાખંડ બનાવ્યું પરંતુ શાંતિ કાયમ રહી. છત્તિસગઢ, ઝારખંડ બન્યા પરંતુ શાંતિ ભંગ ના થઈ, પરંતુ અમારે છુઆછુતનો શિકાર બનવું પડ્યું. અમને જ્યારે સત્તા મળે છે ત્યારે વિપક્ષનું અસ્તિત્વ ખતરામાં મુકાઈ જાય છે.

# વારાણસીમાં પુષ્પ વર્ષાથી મોદીનું ભવ્ય સ્વાગત

**પુષ્પ વર્ષા માટે ૨૦ ક્વિન્ટલ ગુલાબની વ્યવસ્થા : સમગ્ર વારાણસી ભગવામય : સમગ્ર શહેરમાં ધ્વજ અને બેનરો તેમજ ભગવા રંગના ફુગ્ગા લગાવી દેવામાં આવ્યા**

વારાણસી, તા. ૨૭

લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવી લીધા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં પ્રજાનો આભાર માનવા માટે પહોંચ્યા હતા. મોદીનું વારાણસીમાં જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગતમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મોદીના સ્વાગતમાં લોકો માર્ગની બંને બાજુએ ઉભા રહેલા નજરે પડ્યા હતા. પુષ્પવર્ષા કરવામાં આવી હતી. વડાપ્રધાન ઉપર પુષ્પ વર્ષા કરવા માટે ૨૦ ક્વિન્ટલ ગુલાબની વ્યવસ્થા કરવામાં આવી હતી. મોદીના સ્વાગત માટે સમગ્ર શહેરમાં ધ્વજ અને બેનરો અને ભગવા રંગના ફુગ્ગાઓ લગાવવામાં આવ્યા હતા. વડાપ્રધાન આજે સવારે ૯.૩૦ વાગે વારાણસી પહોંચી ગયા હતા. રાજ્યપાલ રામ નાયક અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સાથે સાથે ભાજપ અધ્યક્ષ અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાશી વિશ્વનાથ મંદિરને પણ ફુલમાળાઓથી વિશેષરીતે શણગારવામાં આવી હતી. મોદી પોલીસ લાઈનથી વિશ્વનાથ મંદિર સુધી સાત કિલોમીટરના અંતરમાં ખુબ ધીમી ગતિએ પહોંચ્યા હતા. લોકોને મળી શકે તે માટે આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી. એકરીતે બિનઘોષિત રોડ શોની જેમ આનું



આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ વખત નરેન્દ્ર મોદી કારોબારી વડાપ્રધાન તરીકે કાશી વિશ્વનાથ મંદિરમાં પહોંચ્યા હતા. ૩૦મી મેના દિવસે દેશના વડાપ્રધાન તરીકે તેઓ ફરી શપથ લેનાર છે. ૨૦ ક્વિન્ટલ ગુલાબની વ્યવસ્થા આજે કરવામાં આવી હતી. કાશી વિસ્તારના નાયબ અધ્યક્ષ અને મિડિયા પ્રભારી ધર્મેન્દ્રસિંહે માહિતી આપતા કહ્યું હતું કે, સમગ્ર કાશી ભગવા મય કરી દેવામાં આવ્યું હતું.

## ન્યુઝ ટ્રેક

### રાજીવકુમાર સીબીઆઈ સમક્ષ રજૂ ન થયા

શારદા ચીટફંડ મામલે કોલકાતાના પૂર્વ પોલીસ આયુકત રાજીવકુમાર સીબીઆઈ સમક્ષ રજુ થયા નથી. આ મામલે તેઓએ સીબીઆઈ સમક્ષ રજુ થવા વધુ સમય માંગ્યો છે.

### પાક.ના ગુરુનાનક મહેલમાં તોડફોડ

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સ્થિત ઐતિહાસિક 'ગુરુનાનક મહેલ'માં તોડફોડનો મામલો સામે આવ્યો છે. કેટલાક સ્થાનિક લોકોએ ઐતિહાસિક ગુરુનાનક મહેલનો કેટલોક હિસ્સો તોડી નાંખી તેના બારી દરવાજા વેચી નાંખ્યા છે. પ્રધાનમંત્રી ઈમરામ ખાને તોડફોડ માટે જવાબદાર લોકો સામે કાર્યવાહીની માંગ કરી છે.

### અજય દેવગનના પિતાનું નિધન

બોલીવુડ અભિનેતા અજય દેવગનના પિતા વીરુ દેવગનનું નિધન થયું છે. તેઓ છેલ્લા ઘણા સમયથી બીમાર હતા અને હોસ્પિટલમાં દાખલ હતા. વીરુ દેવગન એકશન ડીરેકટર તરીકે જાણીતા હતા. તેઓએ અનેક ફિલ્મોના એકશન સીન્સ ડીરેકટ કર્યા હતા.

### નેપાળમાં ત્રણ બ્લાસ્ટ

નેપાળની રાજધાની કાઠમાંડૂમાં ત્રણ લોકોના મૃત્યુ નીપજયા છે. આ બ્લાસ્ટ ઈમ્પ્રોવાઈઝડ એકસપ્લોઝિવથી કરવામાં આવ્યા છે. બ્લાસ્ટ બાદ ઠેર ઠેર હીંસા ભડકી હોવાના સમાચાર છે. બ્લાસ્ટ બાદ પોલીસે નવ સંદિગ્ધોની ધરપકડ કરી છે. આ ઘટના પાછળ કોમ્યુનિસ્ટ જૂથનો દાવ હોવાની શંકા વ્યકત કરવામાં આવી છે.

### બ્રાઝીલમાં કેદીઓ વચ્ચે અથડામણ

નોર્થ બ્રાઝીલમાં એમેજોનસ રાજ્યની એક જેલમાં રવિવારેના કેદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૧૫ લોકોનાં મોત થયા છે. રાજધાની મનૌસની નજીક અંદાજિત ૨૮ કિલોમીટર દૂર સ્થિત જેલમાં કેદીઓની મુલાકાત દરમિયાન હિંસા થઈ હતી.

# કારમી હાર બાદ કોંગ્રેસમાં રાજીનામાનો દોર યથાવત

**અત્યાર સુધી ૧૩ નેતાઓએ રાજીનામા મોકલ્યા : રાહુલ ગાંધી પોતે પણ રાજીનામાને લઇને મક્કમ : પોતાના રિપ્લેશમેન્ટને લઇને બે નેતાઓને રાહુલે આપેલી સૂચના**

નવી દિલ્હી, તા. ૨૭

લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની કારમી હાર થયા બાદ કોંગ્રેસમાં એક પછી એક રાજીનામા પડવાનો દોર જારી રહ્યો છે. સૌથી પહેલા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજીનામાની ઓફર કરી હતી અને રાજ્યના પ્રદેશ પ્રભારી દ્વારા પણ રાજીનામાની ઓફર કરવામાં આવી છે. સ્થિતિ એ છે કે, આસામથી લઈને પંજાબ અને મધ્યપ્રદેશથી લઈને રાજસ્થાન સુધીના દિગ્ગજ નેતા હોદ્દા ઉપરથી રાજીનામુ આપવાની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. આ દિગ્ગજો કોંગ્રેસ પ્રમુખને રાજીનામા મોકલી ચુક્યા છે. બીજી બાજુ રાહુલ ગાંધીને લઈને પણ અટકળો ચાલી રહી છે. રાહુલ ગાંધીના રાજીનામાની ઓફર બાદ કોંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરાયું નથી પરંતુ કેટલાક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રાહુલ ગાંધી હજુ પણ પોતાના રાજીનામાના મુદ્દા પર મક્કમ બનેલા છે. અહેવાલ એવા પણ આવી રહ્યા છે કે, રાહુલે કોંગ્રેસના બે વરિષ્ટ નેતાઓને મળીને પોતાના રિપ્લેશમેન્ટને શોધી કાઢવા માટે પણ કહી દેવામાં આવ્યું છે. અત્યાર સુધી ૧૩ મોટા નેતાઓના રાજીનામાની ઓફર થઈ ચુકી છે.

# હજુ વ્યાજદર ઘટવાની સંભાવના

**૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કરવામાં આવી શકે : છટ્ઠી જૂનના દિવસે આરબીઆઈ માટેની પોલિસી સમીક્ષા બેઠક થશે**

નવી દિલ્હી, તા. ૨૭

મોદીના નેતૃત્વમાં એનડીએને સ્પષ્ટ બહુમતિ મળી ગયા બાદ વ્યાજદરની વ્યવસ્થા વધુ સરળ અને હળવી કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેની આગામી દ્વિમાસિક પોલિસી સમીક્ષામાં વ્યાજદરમાં વધુ ઘટાડો કરી શકે છે. ૨૬મી જૂનના દિવસે રેટમાં ઘટાડાની જાહેરાત કરવામાં આવશે. વિકાસદરને વધારવાના ઈરાદા સાથે આ આયોજન કરવામાં આવી રહ્યું છે. મોનીટરી પોલિસીને લઈને હાલમાં ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં સતત બે વખત ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. જે સંકેત આપે છે કે, આ વખતે પણ વ્યાજદરમાં વધુ ઘટાડો થઈ શકે છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, વ્યાજદરમાં વધુ ઘટાડો કરવા માટે વિકલ્પો રહેલા છે.

કૈલાસ માનસરોવર યાત્રા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

મેડીક્લેમ
આજની પહેલી જરૂરીયાત
100 વર્ષની ઉંમર સુધી
મેડીક્લેમ ટેસ્ટ વગર મેડીક્લેમ.
આપની જરૂરીયાત મુજબ દરેક કંપનીમાં
મેડીક્લેમની પોલીસી ઉતારી આપીશું.
બાયપાસ માટે ખાસ
TUSHAR SHAH
તમારી જુની પોલીસીમાં સારી સર્વીસ આપીશુ.
એજન્સી આવકાર્ય
99246 62499

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## દીકરીને વિદાય



### વ્હાલી દિશા પ્રણવ જોશીપુરા

જન્મ તા. ૧૩.૧૦.૨૦૦૦ । નિર્વાણ તા. ૨૬.૫.૨૦૧૯

સપનામાં જોયેલી અને સદેહે અવતરેલી પરી-દીકરી દિશા
એકાએક સપનું થઈ ગઈ !
શિક્ષા-સંસ્કારની સુગંધનો સાગર અનંત, જાણે પાનખર વિનાની વસંત -
આંગણાની રંગોળી એકાએક ક્યાં ગઈ ઓગળી ?
શૈશવના કલરવ માંડ શમ્યાં ને યૌવનના પગરવ હજુ તો ગમ્યાં
ત્યાં અમારા સો એ સૂરજ આથમ્યાં...

દિશા-વિહીન અમે સાંત્વના પણ શું આપીએ ?
બસ ઈશ્વર આ આઘાત સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ પરિવાર

: નોંધ :
દીકરી દિશાની અંતિમયાત્રા
તા. ૨૮ મે, ૨૦૧૯ ને મંગળવારે સવારે ૯.૩૦ વાગ્યે નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૩૫૩/૨, સેક્ટર : ૭/૮ના ક્રોસીંગ પાસે, રંગોલી પ્રિ-પ્રાઈમરી સ્કૂલની બાજુમાં, સેક્ટર-૭/ડી, ગાંધીનગર થી નિકળીને મૂક્તિધામ, સેક્ટર-૩૦ જશે.

PARAM